પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૩૯, કુલ પાના:૪, તારીખ: ૦૬-૧૦-૨૦૨૦ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 39 PRICE :-RS. 1.50 DATE : 06-10-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સુપ્રિમ કોર્ટે સરકારને એક અઠવાડિયાનો સમય આપ્યો

## મોરેટોરિયમમાં લોન પર વ્યાજ માફ કરવાની અરજી પર જવાબ આપે કેન્દ્ર-RBI

ન્યુ દિલ્હી,

લોન મોરેટોરિયમના મામલામાં સુપ્રીમ કોર્ટે સરકારને એક અઠવાડિયાનો સમય આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, વ્યાજ પર જે રાહત આપવાની વાત કરવામાં આવી છે તેના માટે રિઝર્વ બેંક દ્વારા કોઈપણ દિશાનિર્દેશ જાહેર કરવામાં આવ્યા નથી. એટલા માટે કોર્ટે એક અઠવાડિયાની અંદર સ્થિતિ સ્પષ્ટ કરવા માટે નવું સોગંદનામુ દાખલ કરવા માટે કહ્યું છે.




કોર્ટે કહ્યું કે, વ્યાજમાફી કેવી રીતે લાગુ થશે, તેના વિગતો આપતાં સરકાર ૧૨ ઓક્ટોબર સુધી નવું સોગંદનામું આપે. ૧૩ ઓક્ટોબરે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે. સુનાવણી દરમિયાન રિયલ એસ્ટેટ કંપનીઓના સંગઠને કહ્યું કે, સરકારે જે એફિડેવિટ આવ્યું છે તેમાં અનેક આંકડા અને તથ્યો આધારહીન છે. ક્રેડાઈએ કેન્દ્ર સરકારના એફિડેવિટ પર જવાબ આપવા માટે થોડા દિવસનો સમય માગ્યો છે.

ક્રેડાઈના વકીલે કહ્યું કે, કેન્દ્ર સરકારે રિયલ એસ્ટેટ સેક્ટરને કોઈ રાહત આપી નથી. સરકારે આ સેક્ટરને કોઈપણ પ્રકારની લોન રીસ્ટ્રક્ચરિંગ સુવિધા પણ આપી નથી. કંપનીઓએ પૂરૂ વ્યાજ આપવું પડી રહ્યું છે. ક્રેડાઈને સરકારના ૬ લાખ કરોડ રૂપિયાના આંકડા પર આપત્તિ છે. જેના જવાબમાં સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, ઉપલબ્ધ સંસાધનો પ્રમાણે અલગ-અલગ સેક્ટરને રાહત આપવામાં આવી છે.

### ૧૩ ઓક્ટોબરે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે

ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે બેંકોને કહ્યુ છે કે કેન્દ્ર સરકાર ઠોસ પ્લાનિંગ ન જણાવે ત્યાં સુધી કોર્ટના ૩૧ ઓગસ્ટના અંતરિમ નિર્દેશ જારી રહેશે. આ પહેલા સુનાવણી દરમિયાન દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમ કોર્ટે કેસને ૨૮ સપ્ટેમ્બર સુધી માટે ટાળી દીધી હતી. કોર્ટે બેકોંને નિર્દેશ આપ્યા હતા કે તે આ સમય સુધી કોઈ પણ ખાતાને **NPA** ઘોષિત નહિ કરે.

### ડ્રગ્સની હેરફેર રોકવા સરકારની નવી નીતિ

## હવે ડ્રગ્સનું સેવન-સંગ્રહ કરનારની માહિતી આપનારને મોટું ઈનામ મળશે

ગાંધીનગર,

મુંબઈની જેમ ગુજરાતમાં પણ નશીલા પદાર્થોનું સેવન વધવા લાગ્યું છે, જેને લીધે યુવાધન ડ્રગ્સના રવાડે ચડી રહ્યું હોવાથી ગુજરાત સરકાર પણ એલર્ટ થઈ ગઈ છે અને તેણે ગુજરાતની એન્ટી-નાર્કોટિકની નીતિમાં ધરખમ ફેરફાર કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. છેલ્લા કેટલાક દિવસોથી બોલિવૂડમાં ડ્રગ્સનું સેવન બહાર આવતાં દેશભરમાં એના પડઘા પડ્યા છે, ત્યારે ૧૯૬૧માં અસ્તિત્વકાળની દારૂબંધી ધરાવતું ગુજરાત એન્ટી-નાર્કોટિક અને સાઈકોટ્રોપિક



સબસ્ટાન્સીસ નીતિ જાહેર કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

ડ્રગ્સની નવી નીતિમાં પોલીસને નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપિક સબસ્ટાન્સીસ (એનડીપીએસ) કાયદા હેઠળના આરોપીની મિલકત ટાંચમાં લેવા વધુ સત્તા અપાશે. નશીલા અને સાઈકોટ્રોપિક પદાર્થોનાં સેવન અને સંગ્રહની માહિતી આપનારાં પોલીસ અને પ્રજાને ઈનામ આપવાની પણ દરખાસ્ત છે. રાજ્ય ગૃહ વિભાગનાં સૂત્રોના જણાવ્યા મુજબ, નીતિનો પ્રથમ મુસદ્દો તૈયાર છે અને એને મુખ્યમંત્રી સુધી મોકલવામાં આવ્યો છે. ડ્રગ સીલિંગ માટે ગુજરાતનો ટ્રાન્ઝિટ રૂટ તરીકે ઉપયોગ થઈ રહ્યો હોઈ એન્ટી-નાર્કોટિક નીતિ અમલમાં મૂકવામાં આવશે.

છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં કચ્છના જખૌ કાંઠેથી ૧૩૫૪ કિલો ચરસ સહિત નાર્કોટિકનો મોટો જથ્થો પકડાયો છે. નવી નીતિના મુસદ્દા મુજબ, એડિશનલ ડીજીપી કક્ષાના અધિકારીને નાર્કોટિક બાબતે મળેલી બાતમીના સંદર્ભમાં બાતમીદારને યોગ્ય બદલો આપવાનો નિર્ણય કરવાની સત્તા અપાશે. અગાઉ સ્ટેશન રેડ ઓફિસરને એનડીપીએસના આરોપીની પ્રોપર્ટી જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરવાની સત્તા અપાઈ હતી, પણ નવી નીતિમાં ક્રાઈમ બ્રાંચ જેવી તમામ રાજ્ય પોલીસ એજન્સીઓને આવી સત્તા રહેશે.

## ધો.૯થી ૧૨ના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં ૩૦ ટકાનો ઘટાડો કરાયો

ગાંધીનગર,

કોરોના મહામારીમાં શાળા-કોલેજો લગભગ ૬ મહિનાથી બંધ છે. ત્યારે વિદ્યાર્થીઓને પણ શાળાઓ દ્વારા ઓનલાઈન શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામા આવી હતી. પરંતુ વિદ્યાર્થીઓ વાર્ષિક પરીક્ષાને લઈ ચિંતિત હતા ત્યારે રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતના વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને માધ્યમિક શિક્ષણ બોર્ડે નિર્ણય લીધો છે.

કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે. માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ ૯થી ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લીધો છે. જે અનુસાર વિદ્યાર્થીના વાર્ષીક અભ્યાસક્રમને ઓછો કરી દેવામાં આવ્યો છે. ધોરણ ૯થી ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં ૩૦ ટકાનો ઘટાડો કરી દેવામા આવ્યો છે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ધોરણ ૯થી ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં જે ૩૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે તે એક વર્ષ માટે લાગુ રહેશે. શાળાઓને આ વિશે ટુંક જ સમયમાં વધુ જાણકારી આપી દેવામાં આવશે કે કેવી રીતે માધ્યમિક બોર્ડે અભ્યાસક્રમમાં ૩૦ ટકાનો ઘટાડો કર્યો છે. અહિં મહત્વની વાત એ છે કે, જે અભ્યાસ ક્રમ ઘટાડવામાં આવ્યો છે તેની અંદર આવતા સવાલો પરીક્ષામાં પૂંછવામાં આવશે નહી.

## વૃદ્ધો, વિકલાંગો ઘેર બેઠા મતદાન કરી શકશે

ન્યુ દિલ્હી,

વિકલાંગો અને ૮૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધો માટે મતદાન પ્રક્રિયા વધુ સરળ અને અનુકૂળ બનાવવા માટે પોસ્ટ દ્વારા મતદાન કરવાનો વિકલ્પ અપનાવવા માટે ચૂંટણીપંચે નવી સૂચના જારી કરી છે.

મતદાન મથકના અધિકારી દ્વારા તેના મથદાન મથક હેઠળ આવતા વિકલાંગો અને ૮૦ વર્ષથી વધુ ઉંમરના લોકોના ઘરે પોસ્ટ દ્વારા મતદાન કરવાનું ફોર્મ મોકલવામાં આવશે. વૃદ્ધો અને વિકલાંગોને પોસ્ટ દ્વારા મતદાન કરવાનો વિકલ્પ આપવામાં આવશે. જો તેઓ પોસ્ટ દ્વારા મતદાન કરવાનો વિકલ્પ અપનાવશે તો પાંચ દિવસની અંદર તેમના ઘરેથી સંપૂર્ણ ભરેલું મતદાન ફોર્મ મેળવીને રિટર્નીંગ ઓફિસરને સુપરત કરવામાં આવશે. આગામી દિવસોમાં બિહારમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. એ સમયે નાગરિકો અને મીડિયા દ્વારા આપવામાં આવેલા પ્રતિસાદને આધારે ઉપરોક્ત સૂચના જારી કરવામાં આવી છે. ૨૮ ઓક્ટોબરથી બિહારમાં ત્રણ તબક્કામાં મતદાન યોજાશે.

## ૨૦મી પછી કેનેડાથી બે સી-પ્લેન વિદેશી પાઈલટ અને ક્રૂ-મેમ્બર સાથે આવશે

અમદવાદ,

આગામી ૩૧મી ઓક્ટોબર સરદાર પટેલની જન્મજયંતીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી લીલીઝંડી બતાવીને સી-પ્લેનની સેવાનો પ્રારંભ અમદાવાદના રિવરફ્રન્ટથી કરશે. હાલ રિવરફ્રન્ટમાં સી-પ્લેન માટે ફ્લોટિંગ જેટીનાં કામો ચાલી રહ્યાં છે, જે ૨૦ ઓક્ટોબર સુધી પૂરાં થવાની શક્યતા છે. સૌ પહેલી ઉડાન મોદી અમદાવાદથી કેવડિયા સુધી ભરશે. એ માટે ૨૦ ઓક્ટોબર આસપાસ કેનેડાથી બે સી-પ્લેન વિદેશી પાઈલટ સાથે આવી જશે, જેમાં રોજની ચાર ઉડાન ભરાશે. પછી ધીમે ધીમે એનું શિડયૂલ નક્કી કરવામાં આવશે.

મોદીના ઉદ્ઘાટન બાદ કેવડિયા જવા માગતા પ્રવાસીઓ આ સી-પ્લેનનો ઉપયોગ કરી શકશે. એક ટિકિટનું ભાડું ૪૮૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે, જેનો લાભ પ્રવાસીઓ લઈ શકશે. ૨૦મી ઓક્ટોબર સુધીમાં ૧૮ બેઠકો ધરાવતાં બે સી-પ્લેન કેનેડાથી અમદાવાદ આવશે. સ્પાઈસ જેટ દ્વારા સંચાલિત થનારી આ ફ્લાઈટમાં બે વિદેશી પાઈલટ અને બે ક્રૂ-મેમ્બર હશે, જે છ મહિના સુધી ગુજરાતમાં રોકાશે. બન્ને વિદેશી પાઈલટ ભારતીય પાઈલટને સી-પ્લેન ઓપરેટ કરવાની તાલીમ આપવાના છે.

છ મહિના સુધી તો વિદેશી પાઈલટ સી-પ્લેનમાં અમદાવાદથી કેવડિયા સુધીની સફર કરાવશે. આ સી-પ્લેન સાબરમતી રિવરફ્રન્ટથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી સુધીનું ૨૨૦ કિલોમીટરનું અંતર માત્ર ૪૫ મિનિટમાં કાપશે. શરૂઆતમાં તો ૧૮ બેઠકના આ સી-પ્લેનમાં ૧૪ પેસેન્જર સવારે આઠ વાગ્યાથી મુસાફરી કરી શકશે. હાલમાં આ પ્લેન નોન-શિડ્યૂલ ફ્લાઈટ તરીકે ઓપરેટ થશે અને જો પ્રવાસીઓનો વધુ રિસ્પોન્સ મળશે તો એક વર્ષમાં તમામ ફ્લાઈટ શિડ્યૂલ કરાશે.

### સરહદે તણાવ વચ્ચે ભદૌરિયાએ ચીનને આડકતરી રીતે ચેતવણી આપી

## વાયુસેના બે મોરચે યુદ્ધ કરવા તૈયાર: એરચીફનો હૂંકાર

ન્યુ દિલ્હી,

ભારત અને ચીનની વચ્ચે છેલ્લાં કેટલાંય મહિનાઓથી તણાવ ચરમ પર છે. લદ્દાખ સરહદ પર તણાવની વચ્ચે એર ચીફ માર્શલ આર.કે.ભદૌરિયાનું મોટું નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું કે વાયુસેના બંને મોરચે યુદ્ધ માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું કે એરફોર્સ કોઈપણ પડકારોનો જડબાતોડ જવાબ આપવાની સાથે જીત પ્રાપ્ત કરવા માટે દરેક સમયે તૈયાર રહે છે. એર ચીફે કહ્યું કે વાયુસેના ચીનની કોઈપણ નાપાક હરકતનો જવાબ આપવા માટે સંપૂર્ણપણે



તૈયાર છે. ચીન અને પાકિસ્તાનની તરફથી જે તણાવની સ્થિતિ બની રહી છે તેના પર ભારત જવાબ આપવા દરેક રીતે તૈયાર છે.

વાયુસેના ચીફે કહ્યું કે રાફેલના આવવાથી વાયુસેનાની તાકાત વધી છે અને તે આવનારા દિવસોમાં વધુ મજબૂત કરશે. તેનાથી આપણે ઝડપી અને નક્કર કાર્યવાહી કરી શકીશું. તેમણે કહ્યું કે આગામી પાંચ વર્ષમાં તેજસ, કોમ્બેટ હેલિકોપ્ટર, ટ્રેનર એરક્રાફ્ટ સહિત અન્ય ઘણા શક્તિશાળી હથિયારો એરફોર્સની તાકાત બનશે.

એરફોર્સ ચીફે કહ્યું કે રાફેલના આગમનથી એરફોર્સની તાકાતમાં વધારો થયો છે અને તે આપણને વધુ મજબૂત બનાવશે. તેની સાથે અમે ઝડપી અને નક્કર કાર્યવાહી કરી શકશે. તેમણે કહ્યું કે, આગામી પાંચ વર્ષમાં તેજસ, કોમ્બેટ હેલિકોપ્ટર, ટ્રેનર એરક્રાફ્ટ સહિત અન્ય ઘણા શક્તિશાળી હથિયારો એરફોર્સની તાકાત બનશે.

આર.કે.એસ. ભદૌરીયાએ કહ્યું કે વાયુસેના ભારત અને ચીનની સાથે બંને મોરચા પર એક સાથે યુદ્ધ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. તેમણે કહ્યું કે ચીનની હરકત અંગે મે મહિનામાં જ ખબર પડી ગઈ હતી, ત્યારથી ભારતીય સેના અને વાયુસેનાની તરફથી એકશન લેવાયા.

વાયુસેનાના વડાએ કહ્યું કે વાયુસેના ઈસ્ટર્ન ફ્રન્ટ માટે તૈયાર છે અને ત્યાં કોઈ સવાલ જ નથી કે ચીન આપણા કરતા સારી સ્થિતિમાં હોય. સમયની સાથે વાયુસેનાએ ઝડપી ફેરફારો કર્યા છે અને હવે ઘણી બધી ખામીઓ દૂર કરી લીધી છે.

એરફોર્સના વડાએ કહ્યું કે અમે સરહદના દરેક મહત્વના ભાગ પર આપણી હાજરી વધારી દીધી છે, લદ્દાખ તેનો એક ભાગ છે. આવી સ્થિતિમાં દેશને વિશ્વાસ હોવો જોઈએ કે તેમની સેના સંપૂર્ણ રીતે તૈયાર છે.

## ભારત-ચીનની ૧૨ ઑક્ટોબરે લશ્કરી મંત્રણા

ન્યુ દિલ્હી,

ભારત-ચીન વચ્ચે લદાખની સરહદે ચાલી રહેલા સીમાવિવાદને ઉકેલવા ૧૨ ઑક્ટોબરે ઉત્તર લદાખમાં કોર્પ્સ કમાન્ડર કક્ષાની લશ્કરી મંત્રણા યોજાવાની હોવાની માહિતી સૂત્રોએ જણાવી હતી.અત્યાર સુધી કોર્પ્સ કમાન્ડર કક્ષાની છ લશ્કરી મંત્રણા યોજાઈ ગઈ છે.

લદાખની સરહદે ચાલી રહેલા વિવાદને ઉકેલવા માટે સતત ૧૩ કલાકની મેરેથોન મંત્રણા બાદ કોર્પ્સ કમાન્ડર કક્ષાની છઠ્ઠી મંત્રણા ૨૧મી સપ્ટેમ્બરે પૂરી થઈ હતી.

મંત્રણા માટે કોર્પ્સ કમાન્ડરો ભારતીય તરફ ચુસુલ સામે આવેલા મોલ્ડો હટમાં ભેગા થયાં હતાં.

## માલ્યાના પ્રત્યાર્પણ માટે બ્રિટનમાં ગોપનીય કાર્યવાહી ચાલી રહી છે



ન્યુ દિલ્હી,

ભારતીય બેક્રોને કરોડો રૂપિયાનો ચુનો લગાડી વિદેશ ભાગી ગયેલ ઉદ્યોગપતિ અને લિકરકિંગ ગણાતા વિજય માલ્યાના પ્રત્યાર્પણ આજે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં મહત્વપૂર્ણ રજૂઆતો કરી છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યુ કે, ભાગેડુ બેક્ર ડિફોલ્ટર વિજય માલ્યાના પ્રત્યાર્પણનો આદેશ બ્રિટેનની સર્વોચ્ચ અદાલતે આપી દીધો છે, પરંતુ તેનો હજી સુધી અમલ કરાયો નથી. બ્રિટનમાં આ મામલે કેટલીક ગોપનીય કાર્યવાહી ચાલી રહી છે, જેની માહિતી ભારતને પણ

(અનુ.પાના.નં.૨)

## કેન્દ્ર સરકારે શાળાઓ ખોલવા માટે SOP જાહેર કરી

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારે શાળાઓ ખોલવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝર (**SOP**) સોમવારી જાહેર કરી દીધી છે. **SOP** પ્રમાણે બે-ત્રણ સપ્તાહ સુધી બાળકોનું કોઈ એસેસમેન્ટ થશે નહીં. વિદ્યાર્થીઓના મેન્ડલ હેલ્થ અને ઈમોશનલ સેફ્ટી પર પણ ધ્યાન આપવુ પડશે. કેમ્પસમાં ઈમર્જન્સી કેર ટીમ બનાવવી પડશે. માતાપિતાની સહમતિથી જ બાળકોને શાળાઓ બોલાવી શકાશે.

શાળા કેમ્પસના તમામ એરિયા, ફર્નીચર, ઈક્વિપમેન્ટ, સ્ટેશનરી, સ્ટોરેજ પ્લેસ, વોટર ટેક્ર, કિચન, વોશરૂમ, લેબ, લાઈબ્રેરીની સતત સાફ-સફાઈ થાય તથા આ જગ્યાઓને ડિસઈન્ફેક્ટ કરવામાં આવે.

શાળાને ઈમર્જન્સી કેર સપોર્ટ ટીમ અથવા રિસ્પોન્સ ટીમ, જનરલ સપોર્ટ ટીમ, કમોડિટી સપોર્ટ ટીમ, હાઈજીન ઈસ્પેક્શન ટીમ બનાવવી પડશે તથા તે અંતર્ગત જવાબદારી વહેચવાની રહેશે.

## ભારતે સુપરસોનિક મિસાઈલ 'સ્માર્ટ'નું સફળ પરીક્ષણ કર્યું

ન્યુ દિલ્હી,

ભારતે રક્ષા ક્ષેત્રમાં વધુ એક સફલતા મેળવી છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઑર્ગેનાઈઝેશને ઘણી જ ખાસ વિપન સિસ્ટમ તૈયાર કરી છે. ઓરિસ્સાના વિલર કોસ્ટ પર સુપરસોનિક મિસાઈલ અસિસ્ટેડ રિલીઝ ઑફ ટોરપીડો (**SMART**)નો સફળ ફલાઈટ ટેસ્ટ થયો. આ એક એવી સિસ્ટમ છે જેમાં ટોરપીડો ની સાથે મિસાઈલ પણ હોય છે. એન્ટી સબમરીન વોરફેરમાં આ ટેકનોલોજી ભારતીય નૌસેનાની તાકાતને અનેક ગણી વધારી શકે છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે પણ આને અનોખી ક્ષમતા ગણાવી છે.



આ એક તરફની સુપરસોનિક એન્ટી શિપ મિસાઈલ છે. આ સાથે એક ઓછા વજનનો ટોરપીડો લાગ્યો છે જે પેલોડની માફક ઉપયોગ થાય છે. બંને મળીને આને એક સુપરસોનિક એન્ટી સબમરીન મિસાઈલ બનાવે છે. એટલે કે આમાં મિસાઈલ ફીચર્સ પણ મળશે અને સબમરીન નષ્ટ કરવાની ક્ષમતા પણ. સંપૂર્ણ રીતે ડેવલપ થવા પર આ વેપન સિસ્ટમની રેન્જ ૬૫૦ કિલોમીટર થશે. આટલી રેન્જવાળી સિસ્ટમની ઉપસ્થિતિ ભારતીય નૌસેનાને દુનિયાની સૌથી ખતરનાક નૌસેનાઓની લિસ્ટમાં વધારે ઉપર પહોંચાડી દેશે.

આ ટેકનોલોજી એન્ટી સબમરીન વોરફેરનો ચહેરો બદલવાની કાબેલિયત રાખે છે. ભારતની પાસે 'વરુણાસ્ત્ર' નામનું એક એડવાન્સ્ડ હેવીવેટ એન્ટી-સબમરીન ટોરપીડો છે. જીસ્છઇ્ આના મુકાબલે ઘણું હળવું છે. એક ટનથી પણ વધારે વજનવાળું 'વરુણાસ્ત્ર' પોતાની સાથે ૨૫૦ કિલો સુધીનું વૉરહેડ લઈ જઈ શકે છે. આનું ગાઈડન્સ સિસ્ટમ પણ એડવાન્સ છે. 'વરુણાસ્ત્ર' દુનિયાનું એકમાત્ર એવું ટોરપીડો છે જે જીપીએસની મદદથી પોતાના ટાર્ગેટને લોકેટ કરી શકે છે.

ભારતની પાસે બ્રહ્મોસ સુપસોનિક એન્ટી-શિપ અને લેન્ડ-એટેક ક્રૂઝ મિસાઈલ પણ છે. **SMART** સિસ્ટમ આ બંનેનું મળતુ રૂપ હોઈ શકે છે. ચીનની સાથે સરહદ પર તણાવની વચ્ચે **DRDO** દર અઠવાડિયે કોઈને કોઈ ડિફેન્સ સિસ્ટમનો ટેસ્ટ કરી રહ્યું છે. શનિવારના 'શૌર્ય' મિસાઈલનો એક વર્ઝનનો ટેસ્ટ પણ સફળ રહ્યો. આ મિસાઈલ લગભગ ૮૦૦ કિલોમીટર દૂર સુધી ટાર્ગેટને ધ્વસ્ત કરી શકે છે. આ ઉપરાંત ગત મહિને **MBT** અર્જુન ટેક્રથી લેઝર-ગાઈડેડ એન્ટી ટેક્ર ગાઈડેડ મિસાઈલ (**AGTM**)નો ટેસ્ટ પણ થયો હતો.

# બાલાસિનોર અર્બન હેલ્થ સેન્ટર ખાતે રકતદાન કેમ્પ યોજાયો



લુણાવાડા, કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રક્ત મળી રહે અને રકતના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લામાં અવાર-નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની રાહબરીમાં બાલાસિનોર અર્બન હેલ્થ સેન્ટરના ઉપક્રમે આયુષ મેડીકલ ઓફિસર ડો. દેવેન્દ્ર શાહ અને આરોગ્ય કેન્દ્રની ટીમ તેમજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગોધરા, માતૃછાયા અને લાયન્સ કલબ, બાલાસિનોરના સહયોગથી તા. ૩જી ઓકટોબરના રોજ રકતદાન કેમ્પ યોજાઇ ગયો. આ રકતદાન કેમ્પમાં મેડીકલ ઓફિસર ડો. દેવેન્દ્ર શાહે પણ રકતદાન કરી રકતદાતાઓને પ્રેરણા પૂરી પાડી હતી.

આ રકતદાન કેમ્પમાં ૧૧૮ રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામેની લડતમાં પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડી રકતદાન-મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો.

આ રકતદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઇડલાઇનનું અને દિશાનિર્દેશોની સાથે ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રકતદાન કરાવવામાં આવ્યું હતું.

આ રકતદાન કેમ્પમાં રકતદાતાઓ જ્યારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસર બિરેન્દ્રસીંગે રકતદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઈ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રક્તદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુરહિત રહે તેનું સુચારૂં આયોજન કર્યું હતું. સાથે આ રક્તદાન કેમ્પમાં રક્તદાન કરનાર દરેક રકતદાતાને રેડક્રોસ સોસાયટી પંચમહાલ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

## અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડાના આરોગ્ય કર્મીઓએ હોમ આઈસોલેશન દર્દીઓના ગૃહની મુલાકાત લીધી



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા-તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરત પણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે. આ આરોગ્ય કર્મીઓ ગામેગામ ફરીને ડોર ટુ ડોર સર્વેલન્સની સાથે આરોગ્યલક્ષી શિક્ષણ આપી રહ્યા છે. પછી તે કન્ટેન્મેન્ટ ઝોન હોય બફર ઝોન હોય કે પછી કોઈ પણ વિસ્તાર હોય તેઓ પોતાની કે પોતાના પરિવારની ચિંતા કર્યા સિવાય નાગરિકોના આરોગ્યની ચિંતા કરી રહ્યા છે.

જેના ભાગરૂપે લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટના આરોગ્ય કર્મીઓ દ્વારા હોમ આઇસોલેશન કરવામાં આવેલ દર્દીઓના ગૃહની મુલાકાત લીધી હતી. આરોગ્ય કર્મીઓએ તેઓના મુલાકાત દરમિયાન તમામ દર્દીઓનું થર્મલ સ્કીનીંગ અને જ્વરની તપાસણી કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ મુલાકાત દરમિયાન તમામને જરૂરી આરોગ્યલક્ષી સૂચનાઓ આપી કામ સિવાય ઘરની બહાર ન નીકળવા તેમજ ફરજિયાત માસ્કનો ઉપયોગ કરવા વારંવાર સાબુથી હાથ ધોવા અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવા સમજાવવામાં આવ્યા હતા.

# મહીસાગર જિલ્લામાં આજે ૧૫ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોના ના કુલ ૧૧૧૩ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ, કડાણા તાલુકાના ૦૨ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૬ પુરૂષોના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૫-૧૦-૨૦૨૦ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૧૧૩ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૪ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૨ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૯૭૭ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૩ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૧ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૫૬૨૧૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૫૯ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૯ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૪ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, લુણાવાડા, ૪૫ દર્દી હોમ આઇસોલેશન, ૦૯ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૩ દર્દી SDH સંતરામપુર, ૦૫ અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૯૦ દર્દીઓ સ્ટેબલ, ૦૫ દર્દીઓ ઓક્સિજન પર છે.

## બાલાસિનોરમાં લાયન્સ કલબ દ્વારા ક્ષય સારવારના દર્દીઓને પોષણ આહારની કીટનું વિતરણ



બાલાસિનોર, બાલાસીનોર લાયન્સ ક્લબ બાલાસિનોર દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મદિન ૨ ઓક્ટોબરથી શરૂ થયેલ સેવા સપ્તાહના વિવિધ કાર્યક્રમો અંતર્ગત બાલાસિનોર તાલુકાના ક્ષયની સારવાર લેતા દર્દીઓને પોષણયુકત આહારની કિટ વિતરણનો કાર્યક્રમ ડી.આર.ટી.બી. હર્ષ પ્રજાપતિની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

મહિસાગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા જિલ્લામાં આવેલા દર્દીઓની સારવાર દ્વારાવદર્દીઓને ક્ષયમુક્ત કરવાના પ્રયત્નો ચાલી રહ્યા છે. ત્યારે બાલાસિનોર લાયન્સ ક્લબ પણ તેમાં મદદરૂપ બની રહ્યું છે. બાલાસિનોર તાલુકામાં ક્ષયની સારવાર લેતા દર્દીઓને પ્રોટીન અને પોષણ આહાર મળી રહે તેવી આહાર કીટ દર્દીઓને વિતરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું જેમાં ૩ કિલો ચોખા, ૧ કિલો ચણા, ૧ કિલો મગની દાળ, ૧ કિલો ગોળ ૧ કિલો તેલ, પ્રોટીન પાવડરના ડબ્બા નંગ- ૨ ની રેશન કીટ બનાવી લાયન્સ ક્લબ બાલાસિનોર દ્વારા મહિસાગર જિલ્લા ક્ષય કેન્દ્ર લુણાવાડાના ડી.આર.ટી. .હર્ષ પ્રજાપતિની ઉપસ્થિતિમાં દર્દીઓને કીટનું વિતરણ લાયન્સ પ્રમુખ પ્રવીણભાઈ સેવક, ખજાનચી લા. કાંતિભાઈ પટેલ, લા. ડો.ભરતભાઈ ખાંટ,લા.ભરતભાઈ શાહ,લા. શિવાભાઈ પ્રજાપતિ વિગેરેની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આવ્યું હતું .ભવિષ્યમાં પણ લાયન્સ કલબ આવી પોષણ ક્ષમ રેશન કીટ આપવાનું પણ વિચારી રહી છે.

## વિરપુરના રસુલપુર પાસે અજાણ્યા વાહનની ટકકરે બે બાઈક સવાર પૈકી એકનું મોત

વિરપુર, રસુલપુર પાસે કપડવંજના ભુતિયા ગામના બે યુવાનો બાઇક પર જઈ રહ્યા હતા ત્યારે વાહને ટકકર મારતા રાજેશ તેમજ જયેશ રોડ પર પટકાયા હતા. જેમાં જયેશને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. નજીકના લોકો દોડી આવતા ૧૦૮ મારફતે વિરપુરથી સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પરંતુ સારવાર મળે તે પહેલા જ મોત નીપજતા હાજર તબીબો દ્વારા તેને મૃત જાહેર કર્યો હતો. ઉપરાંત રાજેશભાઈને પણ માથાના ભાગે તેમજ શરીરના ભાગે વધુ ઈજાઓ પહોંચતા સારવાર માટે મોડાસા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે વિરપુરના પીએસઆઈ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી.

# ઘોઘંબા તાલુકામાં દિપડાનો આતંક યથાવત : ગોયાસુંડલમાં કિશોર પર હુમલો

ઘોઘંબા, ઘોઘંબા તાલુકામાં આદમખોર દિપડાનો આતંક યથાવત રહેતા સ્થાનિકો ભયની ઓથાર હેઠળ દિવસો વિતાવી રહ્યા છે. ગોયાસુંડલ ગામે કિશોર ઉપર હુમલો કરતા જ વનવિભાગ એક્શનમાં આવ્યુ છે અને દિપડાને પાંજરે પુરવા બે પાંજરા ગોઠવવામાં આવ્યા છે. રામેશરા ગામે એક રહેણાંક મકાનની છત ઉપર આવી ત્રણ કલાક સુધી દિપડાએ બિન્દાસ્ત અડ્ડો જમાવ્યો હતો. દિપડાના હુમલા અને ૧૦ કિમી ત્રિજ્યા વિસ્તારમાં વારે વારે દેખા દેવાની સ્થિતિએ હાલ તો સૌને ચિંતિત કરી દીધા છે. ઘોઘંબા તાલુકાના માલુ, વાવકુલી, ચાઠા, ગોરાડા, સહિતમાં ગામોમાં છેલ્લા કેટલાંક સમયથી દિપડાએ સ્થાનિકો અને વનવિભાગની ઉંઘ હરામ કરી દીધી છે. આ વિસ્તારની ભૌગોલિક સ્થિતિ એવી છે કે, અહિં જંગલ વિસ્તારને અડીને ખેતરો અને રહેણાંક વિસ્તાર આવેલા છે. જેથી અહિંના રહિશો અને વન્ય પ્રાણીઓ વર્ષોથી એક બીજા સાથે રહેવા ટેવાઈ ગયા છે. પરંતુ હાલની સ્થિતિ થોડી બદલાતી જોવા મળી રહી છે. અગાઉ કરતા હાલમાં વન્ય પ્રાણી જેમાં પણ ખાસ દિપડો માનવો પર હુમલો કરતો હોવાની ઘટનાઓ સામે આવી રહી છે. ઉલેખનિય છે કે, અગાઉ દિપડો પાલતુ પ્રાણીઓ ઉપર જંગલમાં ચરવા ગયા હોય દરમિયાન હુમલો કરતો હતો. પરંતુ હાલની પરિસ્થિતિ કઈંક જુદી જ છે. અત્યારે દિપડો માનવ વસ્તી સુધી પહોંચી જઈ ધોળા દિવસે બાળકો સહિત માનવો પર હુમલો કરી રહ્યો છે. જે સ્થિતિને લઈ અહિંના રહિશોમાં ક્યારેક હુમલો થવાનો ભય સતત સતાવી રહ્યો છે. આ આદમખોર દિપડો એક જ છે કે અલગ અલગ એ કહેવુ વનવિભાગ માટે મુશ્કેલ બન્યુ છે.

## મહીસાગર જિલ્લામાં કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૩૧/૧૦/૨૦૨૦ સુધી lock down ની અવધિ લંબાવવા અંગેનું જાહેરનામું બહાર પડાયું

લુણાવાડા, સમગ્ર ભારત દેશમાં COVID-19 ની અસરો ધ્યાને લેતાં National Disaster Management Authority ના નિર્દેશો મુજબ ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા આમુખ (૬) ના હુકમથી કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૩૧/૧૦/૨૦૨૦ સુધી lock down ની અવધિ લંબાવવામાં આવેલ છેતથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગૃહ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આમુખ (૭) થી સમગ્ર ગુજરાત રાજયમાં જાહેર કરવામાં આવેલ કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૦૧.૧૦.૨૦૨૦ ના ૦૦.૦૦ કલાકથી તા.૩૧.૧૦.૨૦૨૦ ના ૨૪.૦૦ કલાક સુધી lock down ની અવધિ લંબાવવામાં આવેલ છે તથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં ભારત સરકારની માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિ ચાલુ રાખવા નિર્ણય લેવામાં આવેલ છે તેમજ જરૂરી ગાઈડલાઈન્સ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદરહું હુકમની જોગવાઇ અનુસાર કેટલાક આવશ્યક પગલાં લેવા જરૂરી જણાય છે. જેના અનુસંધાને નોવેલ કોરોના વાયરસ COVID -19 ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર - જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ COVID -19 કોરોના વાયરસને ફેલાતો અટકાવવા સારૂ મહીસાગર જિલ્લા કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ આર.બી.બારડે (I.A.S), ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪, ગુજરાત એપેડેમીક ડીસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ -૩૪ હેઠળ ફરમાવ્યું છું કે, ભારત સરકાર, ગૃહ મંત્રાલયની આમુખ (૬)થી ગાઈડલાઈનના પેરા (૭) મુજબની અમલવારી કરવાની રહેશે.

## ૨૪ કલાકમાં ૭૪,૪૪૨ કેસ નોંધાયા, ૯૦૩ દર્દીનાં મોત

# કોરોના બેકાબુ: દેશમાં સંક્રમિત કુલ દર્દીઓ ૬૬ લાખને પાર




ન્યુ દિલ્હી, દેશમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. સોમવારે ૨૪ કલાકમાં વધુ ૭૪,૪૪૨ નવા કેસ નોંધાતા દેશમાં કુલ પોઝિટિવ દર્દીઓનો આંકડો ૬૬ લાખને પાર થઈ ગયો છે. બીજીતરફ કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યા ૫૫,૮૬,૭૦૩ થઈ હતી. કોવિડ ૧૯થી સ્વસ્થ થનાર દર્દીનો રિકવરી રેટ ૮૪.૩૪ ટકા થયો હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

વિતેલા ૨૪ કલાકમાં પોણો લાખ જેટલા નવા દર્દીઓનો ઉમેરો થતા કુલ દર્દીઓની સંખ્યા ૬૬,૨૩,૮૧૫ થઈ છે. ૯૦૩ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૧,૦૨,૬૮૫ થઈ ગયો છે. કેન્દ્રીય મંત્રાલયના આંકડા મુજબ દેશમાં કુલ ૯,૩૪,૪૨૭ સક્રિય કેસો છે જે કુલ કેસોના ૧૪.૧૧ ટકા હોવાનું જણાય છે. કોરોનાથી મૃત્યુદર ૧.૫૫ ટકા રહ્યો છે.

દેશમાં ઝડપથી કોરોના સંક્રમણ ફેલાઈ રહ્યું છે. ૧૬ સપ્ટેમ્બરના દેશમાં ૫૦ લાખનો આંક પાર થયો હતો જ્યારે ૨૮ સપ્ટેમ્બરના ૬૦ લાખ દર્દીઓ નોંધાયા હતા અને એક સપ્તાહમાં વધુ ત્રણ લાખ દર્દીઓનો ઉમેરો થયો છે જે ચિંતાજનક બાબત છે.

આઈસીએમઆરના મતે અત્યાર સુધીમાં કુલ ૭,૯૯,૮૨,૩૯૪ કોરોના સેમ્પલ ટેસ્ટિંગ કરવામાં આવ્યા છે. જ્યારે રવિવારે દેશમાં૯,૮૯,૮૬૦ સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. વિતેલા ૨૪ કલાકમાં ૯૦૩ દર્દીઓના મોત થયા છે જે પૈકી મહારાષ્ટ્રમાં ૩૨૬ દર્દીના મોત થયા છે. કર્ણાટકમાં ૬૭, તમિલનાડુમાં ૬૬, પશ્ચિમ બંગાળમાં ૬૨ ઉત્તર પ્રદેશમાં ૫૨, પંજાબમાં ૪૧, આંધ્રપ્રદેશમાં ૪૦, દિલ્હીમાં ૩૮ અને મધ્ય પ્રદેશમાં ૩૫ દર્દીના મોત થયા હતા.

## શહેરાના ધામણોદ મુવાડી ગામે નાકાબંધી કરી ઈકોગાડીમાં લઈ જવાતો ૪૫ હજારના ઈંગ્લીશ દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકાના ધામણોદની મુવાડી ગામે રોડ ઉપર નાકાબંધી ઈકો ગાડીમાં સીંગવડ ગામેથી ભરીને લવાતો ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે એક ઈસમને પોલીસે ઝડપી પાડયો છે. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે પંચમહાલ એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે,દાહોદના સીંગવડ ગામેથી ઈકો ગાડી નં. જીજે.૨૩.એએફ. ૧૮૦૪માં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ છે અને મોરવા(હ) થઈને શહેરા આવવા નીકળે છે. તેવી માહિતીના આધારે ધામણોદ મુવાડી ગામે ચોકડી પાસે નાકાબંધી કરવામાં આવી હતી. નાકાબંધી દરમ્યાન બાતમીવાળી ઈકો ગાડીને રોકી ચાલક ગોવિંદભાઈ બળવંતભાઈ ડામોર (રહે. કાલીયાવાવ, ગોધરા)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. ઈકો ગાડીનું ચેકીંગ કરી ગાડીમાંથી ઈંગ્લીશ દારૂ તથા બીયરની ૧૩ પેટીઓ કિંમત ૪૫,૮૪૦/-રૂપીયા તથા ઈકો વાન ૧ લાખ રૂપીયા મળી કુલ ૧,૪૫,૮૪૦/-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. આ બાબતે શહેરા પોલીસ મથકે પ્રોહિબીશન એકટે હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

(પાન નં.૧ નું ચાલુ)

### માલ્યાના પ્રત્યાર્પણ માટે.....

આપવામાં આવી નથી. સુપ્રીમ કોર્ટમાં આજે સોમવારે ભાગેડુ વિજય માલ્યા વિરુદ્ધ અવમાનના કેસની સુનાવણીમાં કેન્દ્રે આ વાતનો ખુલાસો કર્યો હતો. તો બીજી બાજુ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ જવાબ ન આપવા બદલ ભાગેડુ વિજય માલ્યના વકીલને ફટકાર લગાવી અને બે નવેમ્બર સુધી સુનાવણી ટાળી દીધી છે.

હકીકતમાં સુપ્રીમ કોર્ટે માલ્યના વકીલને કોર્ટની અવમાનના મામલે પુછ્યુ કે માલ્ય આ કેસમાં ક્યારે હાજર થશે. અદાલત સ્પષ્ટપણ જણાવા ઈચ્છે છે કે, આ કેસમાં શું કાર્યવાહી થઈ રહી છે અને પ્રત્યાર્પણમાં શું મુશ્કેલી પડી રહી છે.

આ મુદ્દે વિદેશ મંત્રાલયે અદાલતને જણાવ્યુ કે, બ્રિટનની સર્વોચ્ચ અદાલતે પ્રત્યાર્પણનો આદેશ આપ્યો હતો, પરંતુ તેનો હજી સુધી અમલ કરાયો નથી. કેટલીક ગુપ્ત કાર્યવાહીઓ થઈ રહી છે, જે અંગે ભારત સરકારને પણ જાણ કરાઈ નથી. હવે સુપ્રીમ કોર્ટમાં આ કેસની બીજી નવેમ્બરે સુનાવણી થશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૬-૧૦-૨૦૨૦, મંગળવાર, અધિક આસો વદ-૪
સૂર્યોદય-૬-૪૧, સૂર્યાસ્ત-૬-૩૯, જૈન નવકારશી-૭-૨૯,
આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ ભરણી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત-૧૨-૧૨થી ૧૨-૫૮ સુધી,૯-૩૮થી ચલ-લાભ-અમૃત-૧૪-૦૩ સુધી, ૧૫-૩૨ થી શુભ-૧૬-૫૯ સુધી, ૧૯-૫૯થી લાભ-૨૧-૩૨ સુધી, ૨૩-૦૩ થી શુભ-અમૃત-ચલ-૨૭-૩૮ સુધી

- શુભ હોરા-
૮-૩૯થી ૧૧-૩૬ સુધી,૧૨-૩૫થી ૧૩-૩૪ સુધી,૧૫-૩૨ થી ૧૮-૨૮ સુધી,૧૯-૨૯થી ૨૦-૩૧ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૬.૧૦.૨૦૨૦ મંગળવાર

મેષ (અ.લ.ઈ.) :- પ્રવાસની ઈચ્છા ફળવાની મનગમતી સ્વાસ્થય બાબત સુધારો જોવા મળે નોકરીમાં અનુકુળતા રહેવાની.
વૃષભ (બ.વ.ઉ.) :-જાહેર સંસ્થામાં સારો હોદો મેળવવાના પ્રયત્નો ફળવાના મનગમતી વ્યકિતની મુલાકાત લાભદાયક રહેવાની.
મિથુન (ક.છ.ઘ.):- રાજકારણમાં સફળતા રહે ભાઈ બહેનો સાથે સુમેળ રાખવો ખર્ચ ઉપર કાબુ રાખજો વીદેશથી લાભ રહે.
કર્ક(ડ.હ.):-માનસીક તનાવનો સામનો રહે અટકતા કાર્યોને વેગ મળવાનો કોર્ટ કેસના પ્રશ્નો સમાધાનથી લાભ રહે.
સિંહ(મ.ટ.) :- શેર સટાથી જાળવવુ નોકરીમાં અધિકારી વર્ગને સહકાર દેવો ઉધાર ધંધાથી દુર રહેજો પ્રવાસમાં અનુકુળતા.
કન્યા (પ.ઠ.ણ.) :- પરીવારના સભ્યો અને સમાજના કાર્યો માટે નાણાકીય ખર્ચ રહેવાનો નોકરીમાં બઢતીના યોગ બને.
તુલા (ર.ત.) :- પરીવારના સભ્યો અને સમાજના કાર્યો દ્વારા નાણાકીય ખર્ચ રહેવાનો નોકરીમાં બઢતીના યોગ બને પ્રવાસ થાય.
વૃશ્ચિક (ન.ય.) :- બેકાબુ વિચારોને કાબુમાં રાખવાની સલાહ છે મિત્રોની ગેરસમજો ન થાય તેનુ ધ્યાન રાખજો વિકાસના કાર્યોમાં લાભ.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- વાદ વિવાદોનો અંત આવે સગા સ્નેહીજનો સાથે સુમેળ વધે નોકરીમાં ચીવટ રાખજો અધિકારીઓને સાથ સહકાર દેવો.
મકર (ખ.જ.) :- સાહીત્ય ક્ષેત્રે રૂચી વધાવની પ્રીયપાત્રની મુલાકાત શકય બને માનસીક અંજપો દુર થવાનો નોકરીમાં લાભ રહે.
કુંભ (ગ.શ.સ.) :- સ્થાવર મિલ્કતના પ્રશ્નોમાં અનુકુળતા મિત્રો સાથે પ્રવાસ થાય આયોજન થાય વિદેશ વસતા સગાઓનો સહકાર રહે.
મીન (દ.ચ.ઝ.) :- કોર્ટ કેસના પ્રશ્નોથી દુર રહેજો પ્રતિષ્ઠા જાળવવા સંઘર્ષ રહે નોકરીમાં બદલીના ચાન્સ ઉભા થાય કર્જ ન કરવુ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# પોષણ માસની ઉજવણીમાં વિવિધ
# ૮ લાખ પ્રવૃતિઓ-૫.૬૫ કરોડ સહભાગીઓ સાથે દાહોદ જિલ્લો રાજયમાં અવ્વલ

દાહોદ,
ગત માસ દરમિયાન દાહોદ જિલ્લામાં પોષણ માસની ઉજવણી પૂરા જોશભેર ચાલી અને પોષણ જાગૃતિ બાબતે ૮ લાખ જેટલી વિભિન્ન પ્રવૃતિઓ જિલ્લામાં યોજવામાં આવી. જેમાં લાખોની સંખ્યામાં ધાત્રી-સગર્ભા માતાઓ, કિશોરીઓ, બાળકોએ ભાગ લીધો. આ ૩૦ દિવસ દરમિયાન રોજે રોજ ભાગ લેનારા લાભાર્થીઓનો જુમલો ૫.૬૫ કરોડ સુધી પહોંચ્યો અને પૂરા રાજયમાં પોષણ માસની ઉજવણી બાબતે દાહોદ જિલ્લો પ્રથમ ક્રમે આવવાની અભિનંદનને પાત્ર ઘટના બની છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પોષણ માસ દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજના માર્ગદર્શનમાં વિવિધ પ્રવૃતિઓ સઘન રીતે આખાય જિલ્લામાં યોજવામાં આવી. તેમાં મુખ્ય ભાર અતિકુપોષિત બાળકોને ઓળખવા અને તેમને ચાઇલ્ડ માલન્યુટ્રીશન ટ્રીટમેન્ટ સેન્ટર ખાતે દાખલ કરવા, ઓછા વજન ધરાવતા બાળકોને વિશેષ કાળજી લેવી, એનીમીયાની તપાસ અને સારવાર, ઓછા વજને જન્મેલા બાળકની સારસંભાળ, કિશોરીઓ દ્વારા પોષણ જાગૃતિ તોરણ બનાવવા, વાનગી હરીફાઇ, ન્યુટ્રીશન ગાર્ડન, સગર્ભા માતા માટે એન્ટીનેટલ કેર, હેન્ડ વોશ કેમ્પેઇન અને સેનિટેશન, ઝાડા નિયંત્રણ, સ્વચ્છતા અભિયાન, શાકભાજી-બિયારણ વિતરણ, બાળકોને સુખડી વિતરણ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પોષણ વાટિકા અંગે માર્ગદર્શન, પોષણ પંચાયત, ઓનલાઇન પોષણ કવીઝ વગેરે પ્રવૃતિઓનો સમાવેશ થાય છે.

પોષણ માસ દરમિયાન કુપોષિત બાળકોને દત્તક લેવામાં આવ્યા હોય તેવા ૬૦૧૪ બાળકોની પાલક વાલીઓ દ્વારા મુલાકાત લેવામાં આવી અને બાળકને તંન્દુરસ્ત બનાવવામાં આવતી અડચણોને દૂર કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. આંગણવાડી કેન્દ્ર ખાતે દરેક બાળકને યોગ્ય પોષણ મળી રહે તે માટે પોષણ વાટિકા વિકસાવવામાં આવી રહી છે. જયાંથી તાજી શાકભાજી અને ફળોનો આંગણવાડી માટે ઉપયોગ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં દાહોદમાં કુલ ૩૦૫૬ પોષણ વાટિકાઓ વિકસાવવામાં આવી છે અને આંગણવાડી ખાતે બનાવવામાં આવતા ભોજનમાં આ શાકભાજીઓનો ઉપયોગ પણ શરૂ કરાયો છે. પોષણ માસ દરમિયાન ૪૨૮ પોષણ પંચાયત યોજીને સર્ગભા-ધાત્રી માતા, કિશોરીઓ, બાળકોને પોષણ અંગે માર્ગદર્શન અપાયું છે. ઉપરાંત આઇસીડીએસ અને આરોગ્ય વિભાગના સંકલનથી વિવિધ વેબીનાર યોજી પોષણ અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયા હતા.

કિશોરીઓ પોષણ બાબતે જાગૃત બને તે માટે વિવિધ પ્રવૃતિઓ યોજવામાં આવી. તેમાં કિશોરીઓએ ૭૬૨૩ પોષણ જાગૃકતા અંગેના તોરણ બનાવી ઘરે ઘરે યોગ્ય પોષણનો સંદેશો પહોંચતો કર્યો. જિલ્લામાં પોષણ વાનગી હરીફાઇમાં ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ દ્વારા ૫૮૨૧ પોષણ સલાડ ડીશ અને પોષણયુકત વાનગીઓ બનાવવામાં આવી. પોષણ માસ દરમિયાન સઘન અભિયાન ચલાવીને કુલ ૬૦૦ અતિકુપોષિત બાળકો શોધવામાં આવ્યા. તેમાંથી ૪૪ બાળકોને ચાઇલ્ડ માલન્યુટ્રીશન ટ્રીટમેન્ટ સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા. જિલ્લામાં ૧,૮૦,૦૦૦ બાળકોને પોષ્ટિક સુખડીનું વિતરણ કરવામાં આવ્યું. આ સુખડી પણ બાલશક્તિના પેકેટનો ઉપયોગ કરીને બનાવવામાં આવી. તેમાં પોષણના તમામ મહત્વના તત્વોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ગત તા. ૨ ઓકટોબરે રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસની ઉજવણી નિમિતે જિલ્લામાં ૨૫૩ જગ્યાએ યોજાયેલા હેન્ડ વોશ કેમ્પેનમાં ૨૫૩૫૦ મહિલાઓએ ભાગ લઇને રાજયનો અનોખો રેકોર્ડ સ્થાપવામાં પોતાનું યોગદાન આપ્યું હતું. ઉપરાંત જિલ્લા કક્ષાના માતા યશોદા એવોર્ડ વિતરણ અન્વયે ૪૬ પોષણકર્મીઓને રૂ. ૧૪.૬૦ લાખ જેટલી રકમના ઈનામ અપાયા હતા.

## દાહોદ રેલ્વે કારખાનામાં સાથી કર્મીએ અંગત અદાવતમાં સાથી કર્મીની ચાકુ મારી હત્યા કરી

દાહોદ,
દાહોદ શહેરના રેલવે કારખાનામાં કામ કરતા રેલવે કર્મચારીએ તેના સાથી કર્મીને અંગત અદાવતે ચાકુ જેવા તીક્ષણ હથિયાર વડે હુમલો કરી હત્યા કરી દેતા રેલવે તંત્ર સહીત કારખાના વિસ્તારમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. પ્રાથમીક તબક્કે અને થતી ચર્ચાઓ પ્રમાણે જાણવા મળ્યા અનુસાર, પત્ની જોડે આડા સંબંધના લીધે હત્યા કરાઈ હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. વધુમાં જાણવા મળ્યા અનુસાર, આરોપી હત્યા કર્યા બાદ પોતે જ પોલીસ સ્ટેશને હાજર થઈ જતાં સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા અને આ સંબંધે પોલીસે તલસ્પર્શી તપાસ હાથ ધરી આ બનાવ સંદર્ભે હત્યાનું સાચું કારણ શું હોઈ શકે તે તરફ પણ તપાસનો ધમધમાટ શરૂ કરી આરોપીની પુછપરછ કરી રહી છે.

### પપ્પુ ઉર્ફે ટીટોડીએ ચાકુ જેવા તીક્ષ્ણ હથિયારના ઉપરાછાપરી પાંચથી છ જેટલાં ઘા મારી હત્યા કરી

પપ્પુ ઉર્ફે ટીટોડીની પત્ની જોડે પ્રેમ પ્રકરણ ચલાવનારા સરબજીત યાદવ વચ્ચે આજરોજ રેલવે કારખાનામાં ખૂની ખેલ ખેલાયો હતો.જેમાં પપ્પુભાઈએ સરબજીતને ચપ્પુ જેવા મારક હથિયાર વડે કમરના ભાગે ત્રણ બે પગ એક હાથ અને એક ખબાના ભાગે જીવલેણ ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો.અને ત્યારબાદ હત્યા કરનાર પપ્પુ જાતે પોલિસ મથકે હાજર થઈ ગયો હતો.

આજરોજ દાહોદ શહેરના પરેલ સાત રસ્તા પર સ્થિત રેલવે કારખાનામાં સેકન્ડ ગ્રેડમાં ડ્રિલર નોકરી કરતા અને ત્રણ રસ્તા રેલવે કોલોનીના રહેવાસી સરબજીત યાદવ અને તેના સાથી રેલ કર્મી અને સરબજીતનું પપ્પુ ઉર્ફે ટીટોડીની પત્ની જોડે આડા સબંધ હોવાથી તેણે લઈ પપ્પુ ઉર્ફે ટીટોડીએ આયોજન પૂર્વક સરબજીતને મોતને ઘાટ ઉતારી દીધો હોવાની ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે. જોકે આ સમગ્ર હત્યા મામલે માત્ર પ્રેમ પ્રકરણ જવાબદાર હોવાનું નહિ

રેલવે કારખાનામાં રેલ કર્મીમાં હત્યા કરી હોવાની ઘટનાને લઈ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક જાણકારીઓ અનુસાર મરણજનાર રેલ કર્મીનું સાથી રેલ કર્મીની પત્ની જોડે પ્રેમ સબંધ હતો. જેને લઈને આ હત્યા કરાઈ હોવાનું અનુમાન છે. હાલ આરોપી પોલિસ મથકે હાજર થઈ ગયો છે. અમે લાશનો કબ્જો મેળવી પી.એમ માટે મોકલી આપ્યો છે. અને આગળની તપાસ ચાલુ છે.

**પ્રેમ સંબંધમાં ઘટનાને અંજામ આપ્યો હોવાની આશંકા :- ટાઉન પી.આઇ વસંત પટેલ**

ધોબીઘાટના રહેવાસી પપ્પુ ઉર્ફે ટીટોડી સાથે કોઈક અંગત અદાવતને લઇ ઉગ્ર બોલાચાલી થઇ હતી જેના પરિણામ સ્વરૂપ પપ્પુ ઉર્ફે ટીટોડી નામના રેલ કર્મીએ સરબજીત યાદવ નામક રેલ કર્મીને ચાકુ જેવા તીક્ષ્ણ હથિયારના ઉપરાછાપરી પાંચથી છ જેટલાં ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો જોકે મરણજનાર પણ કોઈ મોટી રકમની લેવડ દેવડ હોવાનું પણ ફ્રીલેન્ડ ગંજ વિસ્તારના અંતરંગ વર્તુળમાં ચર્ચાઈ રહ્યું છે ત્યારે જો એ દિશામાં પણ તપાસ હાથ ધરાય તો ચોંકાવનારી હકીકત બહાર આવવાની સંભાવનાઓ વ્યકત થઇ રહી છે.આ હત્યા પ્રકરણ આવનારા સમયમાં કેવો વળાંક લેશે તે કહેવું હાલ મુશ્કેલ લાગી રહ્યું છે.

## દે.બારીઆ સરકારી હોસ્પિટલમાં કોરોના વોરીયર્સને દરેક દર્દીને કોરોના સંક્રમણમાં તેવો ભયનો ઓથાર

દે.બારીઆ,
દે.બારીઆ શહેરમાં જયદીપસિંહજીના નામકરણનું અતિ આધુનિક તેમજ સુવિધાયુકત શહેરની આમ જનતા મળેલું છે પરંતુ કથીત કોરોના વોરીયર્સ હોસ્પિટલમાં આવતા દરેક દર્દીઓને કોરોના થયેલો હોય તે મુજબ તપાસ કરતા નથી ખાલી દેવગઢ બારીઆના વતની એવા કુમારીકામ બાલવાણી મેડમ એટલા ડાંકટર છે. તે તમામ દર્દીઓને શાંતિથી તપાસે છે અને સારી અને જે મુજબ દવા ગોળી આપવા હોય તે મુજબ લખી આપતા હોય છે. તા.૫/૧૦/૨૦ સોમવારના દિવસે ૧૧ કલાકે પણ કોઈપણ ડાંકટર ઓપડી માં આવ્યા ન હતા. ખાલી ડાં. બાલવાણી એકલા હતા. તેમની મદદ માટે કોઈ બીજો ડાંકટર ન હતા. તમામ ડાંકટરના વિભાગો ખાલીખમ હતા. દંત વિભાગ પણ ખાલી જણાતું હતું. ખાલી એક જ ડાં. બાલવાણી એકલા હાથે આપણા શહેરના દર્દીઓને સરકારી હોસ્પિટલ સાચવી રહ્યા છે. તેમને ખરા વોરીયર્સ કહેવા જોઈએ જે ડાંકટર પોતાની જવાબદારી નથી સમજતા તેઓને શું કહેવું સરકારે કોરોના જેવી મહામારીમાં હેડકવાટર્સન છોડવાનો આદેશ છે. સરકારશ્રીના આદેશનું ઉલંઘન કરી રહ્યા છે. તેમને કોઈ દેખાવવાળો પદના અધિકારી છે કે નહિ તે દુર દુર સુધી દેખવા મળતો નથી.

સામાન્ય પ્રકારની દવા કરાવવા માટે આવતા દર્દીઓને કોરોના ટેસ્ટનું ભય બતાવી એ ફેલાવી દીધો છે. તેથી દર્દીઓ સરકારી દવાખાનામાં આવતા ઓછા થયા છે. જે તે તેમની કામગરી ઓછી થઈ ગઈ છે. ખાલી ગુલ્લા મારી સરકારના મફતમાં નાણા લઈને પોતાના પગાર બીલ બતાવી લાખ્ખો ખર્ચ સરકારને માથે આવે છે. જેથી જીલ્લાના આરોગ્ય અધીકારી અથવા જીલ્લાના કલેકટર આ તરફ સોચ વિચાર કરી દેવગઢ બારીઆની ઓચિંતી મુલાકાત લેશે તો લોલમ પોલ બહાર આવે તો નવાઈ નહી.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૧૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,
દાહોદમાં આજે વધુ ૧૦ કોરોના પોઝીટીવ દર્દીના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૬૩૦ ને પાર થવા પામ્યો છે અને એક્ટીવ કેસની સંખ્યા ૭૬ ઉપર પહોંચી છે.

દાહોદમાં આજે આરટીપીસીઆરના ૩૨૦ પૈકી ૦૭ અને રેપીટ ટેસ્ટના ૯૮૦ પૈકી ૦૩ એમ કુલ મળી આજે ૧૦ કોરોના પોઝીટીવ દર્દીનો સમાવેશ થયો હતો આ સાથે કુલ આંકડો ૧૬૩૦ ને પાર થયો છે. આજે વધુ ૧૦ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાતા એક્ટીવ કેસની સંખ્યા ૭૬ રહેવા પામી છે. ત્યારે બીજી તરફ અત્યાર સુધી કોરોનાથી ૭૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આમ, દાહોદ જિલ્લામાં કોરોનાનો આંકડો ઉતાર ચઢાવ સાથે આગળ વધી રહ્યો છે.

## ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન પંચમહાલ જિલ્લાની મુલાકાતે




ગોધરા,
ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજીએ પંચમહાલ જિલ્લાની મુલાકાત દરમિયાન ગોધરા ખાતે જિલ્લાના યોગ કોચ, યોગ પ્રશિક્ષકો અને યોગ સાધકો સાથે યોગસંવાદ કર્યો હતો. ગોધરાના સરદારનગર ખંડમાં સોશિયલ ડિસ્ટન્સિંગની સાવચેતી સાથે એકત્રિત થયેલ યોગસાધકો-પ્રશિક્ષકો સાથે વાર્તાલાપ કરતા શીશપાલજીએ જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વને ભરડામાં લેનાર કોરોના મહામારીના સમયમાં યોગની પ્રાસંગિકતા અનેકગણી વધી છે. સાધકની ઈમ્યુનિટી મજબૂત કરવા સહિત વ્યક્તિના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થતા યોગના ફાયદા દેશ-દુનિયાના દરેક ખૂણે પહોંચે તે દિશાના પ્રયાસો માત્ર ભારત અને ભારતીય સંસ્કૃતિની જ નહીં પરંતુ સમગ્ર માનવજાતની સેવા ગણાશે. વ્યક્તિના શારીરિક-માનસિક સ્વાસ્થ્યમાં ક્રાંતિકારી ફેરફાર લાવતા યોગની શિક્ષા આપવાને તેમણે તબીબોના કાર્ય જેટલું જ અગત્યનું ગણાવતા આ ઉમદા કાર્યનો ભાગ બનવા બદલ ઉપસ્થિત યોગ કોચ-ટ્રેનર્સને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વપન અનુસાર ભારતને વિશ્વગુરૂ બનાવવું હશે તો દરેક દેશવાસીને સશક્ત બનાવવો પડશે અને તે રીતે જ એક સશકત રાષ્ટ્રનું નિર્માણ થશે. યોગના વિવિધ અંગોનો અભ્યાસ વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ શકય બનાવે છે અને તેથી દરેક છેવાડાના માનવી સુધી યોગનું જ્ઞાન પહોંચાડવાનું કાર્ય ગુજરાત યોગ બોર્ડે અભિયાનની માફક ઉપાડ્યું છે. સમગ્ર રાષ્ટ્રને યોગમય બનાવવા યોગકોચો-ટ્રેનર્સે પોતાનો પણ વિકાસ કરવો જરૂરી છે એમ જણાવી નિયમિત રીતે સ્વાદયાય-અભ્યાસ કરવા, યોગના દરેક અંગનો ગાઢ અભ્યાસ કરી પરફેક્શન કેળવવા અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા સમાહર્તા અમિત અરોરાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે યોગના ફાયદા માત્ર શારીરિક-માનસિક તંદુરસ્તી પૂરતા મર્યાદિત નથી. યોગ સ્વસ્થ જીવનશૈલીનો સંપૂર્ણ માર્ગ છે અને છેલ્લા કેટલાક વર્ષોથી સમગ્ર વિશ્વમાં યોગ વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે સ્વીકૃતિ પામ્યો છે ત્યારે આપણે પણ ભારતના વારસા સમાન યોગને જીવનમાં વણી લેવો જોઈએ. કોરોના સારવારમાં પણ પ્રાણાયામ-આસાન અને આયુર્વેદિક ઉપચારો ઘણા અસરકારક સાબિત થયા છે.

## પંચમહાલ જિલ્લામાં વધુ ૧૮ વિસ્તારો કલસ્ટરમુક્ત જાહેર કરાયા

ગોધરા,
પંચમહાલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એલ.બી બાંભણિયા દ્વારા ધ ગુજરાત એપિડેમિક ડિસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ની કલમ-૧૧ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ની કલમ-૩૦ અને ૩૪ હેઠળ મળેલા અધિકારની રૂએ જિલ્લાના કલસ્ટર કન્ટેઈન્મેન્ટ એરિયા તરીકે જાહેર કરેલ વિસ્તારો પૈકી વધુ ૧૮ વિસ્તારોને કલસ્ટરમુક્ત જાહેર કરવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં ઘોઘંબા તાલુકાના રામેશરા કાનપુર વિસ્તાર, શહેરા તાલુકાના સાજીવાવ ગામનું નિશાળ ફળિયું, વ્યાસડા ગામ, વાડીગામનું બારિયા ફળિયું, શહેરા નગરપાલિકામાં સમાવિષ્ટ ભાટવાડો, ગોધરા નગરપાલિકામાં સમાવિષ્ટ પાવરહાઉસ, હાલોલ તાલુકાના કણજરી ગામનું જી ટેનામેન્ટ ગ્રીન, કાછિયાવાડ-૦૩, બ્રાહ્મણ ફળિયા, હાલોલ નગરપાલિકામાં સમાવિષ્ટ આમ્રપાલી-૬બી, દરજી ફળિયા, ઘનશ્યામનગર, લકુલીશ નગર-૦૫, આમ્રપાલી-૪ બી, નિલગીરી ફાર્મ (અરાદ રોડ), ૧૦૭ ગેસ્ટ હાઉસ પોલિકેબ યુનિટ-૦૩, સિદ્ધી વિનાયક-૦૪, ગોપીનગર સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે.

## નવી શિક્ષણ નીતિમાં મહત્વપૂર્ણ ફાળો આપનાર અતુલભાઈ કોઠારીજી જોડે સંવાદ કરતા નરેન્દ્રભાઈ સોની

દાહોદ,
આજ રોજ ઝાબુઆ ખાતે પધારેલ નવી શિક્ષણ નીતિ બનાવવામાં જેમનો ખુબજ મહત્વનો રોલ/ફાળો રહ્યો છે, તેવા અતુલભાઈ કોઠારીજી જોડે કાર્યક્રમમાં સહભાગી થઈ નવી શિક્ષણનીતિ વિશે વિસ્તૃત સમજવાનો અવસર મળ્યો હતો, આ અંગે નરેન્દ્રભાઈ સોનીએ જણાવેલ કે આજના ટેકનોલોજીના યુગમાં જૂની શિક્ષણનીતિ અપ્રસાંગીક બની ગઈ હતી તેવા સમયે શિક્ષણનીતિમાં આમૂલ પરિવર્તનની તાતી જરૂરિયાત હતી તેવા સમયે ૩૪ વર્ષ બાદ નવી શિક્ષણનીતિ આવી છે ત્યારે તેને લઈને સ્વાભાવિકજ ઘણા પ્રશ્નો, મૂંઝવણો ઉદ્દભવે છે. તેવા સમયે નવી શિક્ષણનીતિ બનાવવામાં જેમનું અમૂલ્ય યોગદાન તેમજ સિંહફાળો છે તેવા અતુલભાઈ કોઠારીજી આજ રોજ ઝાબુઆ ખાતે પધાર્યા હતા તેમની જોડે વાર્તાલાપ કરી નવી શિક્ષણનીતિના અલગ-અલગ પાસાઓ પર ચર્ચા કરી જાણકારી મેળવી હતી. આ અંગે અતુલભાઈ એ જણાવ્યું હતું કે આઝાદી પછી તૈયારીમાંજ ભારતીયોને જરૂરી હોય તેવી શિક્ષણનીતિ માં બદલાવની જરૂર હતી પણ બદનસીબે તે થઈ શક્યું નહીં. આ નવી શિક્ષણનીતિ ભારતીય યુવાનોમાં તેમજ દેશની દિશા બદલવામાં પરિવર્તન કારી સાબિત થશે. નરેન્દ્રભાઈ સોનીએ જણાવ્યુંકે પૂર્વમાં અતુલભાઈ કોઠારીજી જોડે મને વર્ષો સુધી ABVP માં કાર્ય કરવાનો અવસર મળેલ તે સમયના પ્રસંગો, તેમને લીમડીમાં કરેલ પ્રવાસો, સંસ્મરણો આજે તાજા થઈ ગયા.

## ઝાલોદ બસ સ્ટેશનથી લઈ પોલીસ સ્ટેશન સુધીના રસ્તા પર ટ્રાફિક જામની સમસ્યાથી લોકો પરેશાન

ઝાલોદ,
ઝાલોદમાં નગરમાંથી નેશનલ હાઈવેનો રસ્તો પસાર થાય છે. બસ સ્ટેશનથી લઈને પોલીસ સ્ટેશન સુધીના રસ્તા પર ટ્રાફિકની સમસ્યાથી લોકો ત્રાહિત્રામ પોકારી ઉઠ્યા છે. તેમજ હાઈવેના રસ્તાની બંને બાજુ મોટા પ્રમાણમાં દબાણોનો ખડકલો જોવા મળી રહ્યો છે. નગરજનોને અમુક સમયે તો આ વિસ્તારમાંથી પસાર થવામાં પણ ભારે જહેમત ઉઠાવવી પડે છે. ત્યારે નગરપાલિકા દ્વારા હાલમાં બસ સ્ટેશનથી લઈને બાંસવાડા રસ્તા સુધી હાઈવેના રસ્તા વચ્ચે રાતોરાત જ ડિવાઈડર ઉભા કરવાની કામગીરી શરૂ કરવામાં આવતા નગરજનોમાં રોષ સાથે નારાજગી જોવા મળી રહી હતી. હાઈવેનો હાલમાં પહોળો રસ્તો હોવા છતાં પણ નગરજનોને પસાર થવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમાં પાલિકા દ્વારા ડિવાઈડરની કામગીરી કરાતા ચર્ચાનો વિષય જોવા મળ્યો હતો. નેશનલ હાઈવેના રસ્તાની વચ્ચો વચ્ચ જ ડિવાઈડરથી નગરમાં ટ્રાફિકની સમસ્યામાં વધારો થવાની ભિતી સેવાતી જોવા મળી હતી. પાલિકા દ્વારા હાઈવેના રસ્તા પર ડિવાઈડરની કામગીરી કરવામાં આવતા બંને બાજુએથી રસ્તો સાંકડો બની ગયો હતો.જેથી પસાર થતાં નગરજનોને તથા વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડશે.

## ઝાલોદના ગામડી વિસ્તારમાં ચોરી કરવા ત્રાટકેલા ત્રણ ચોર પૈકી એક ઝાડ પર ચઢી ગયો : દોઢ કલાકના ડ્રામા બાદ પોલીસે ચોરને ઝડપ્યો

ઝાલોદ,
ઝાલોદ નગરમાં રાતના સમયે ગામડી ચોકડી વિસ્તારમાં પરિવારની બુમાબુમથી ઘરમાંથી ભાગેલા ત્રણ તસ્કરો પૈકી એક ઝાડ ઉપર ચઢી ગયો હતો. તેની સાથેના ત્રણ તસ્કરો અંધારાનો લાભ લઈને નાસી છુટ્યા હતા. દોઢ કલાકના ડ્રામા બાદ આ તસ્કર ઝાડ પરથી નીચે ઉતર્યો હતો. પોલીસે આ અંગે કાર્યવાહી હાથ ધરી છે.

ઝાલોદના ગામડી ચોકડી વિસ્તારમાં રહેતા હોટેલ સંચાલક રીઝવાનભાઈ કાચરા રાતના ૧૧ વાગ્યાના અરસામાં ચાર ચોર એક ઘરમાં ધુસી ગયા હતા. ચારેય ચોર ઘરના રસોડામાં હથિયારો સાથે દેખાતા હિંમત એકઠી કરીને પરિવારે બુમાબુમ કરી હતી. જેથી ચારેય ચોર ભાગી છુટ્યા હતા. ભેગા થયેલા આસપાસના લોકોએ ચોરોનો પીછો કર્યો હતો. ચાર પૈકીના બે ચોર લીમડાના ઝાડ પર ચઢી ગયા હતા. પરંતુ લોકો આવતા જોઈ એક કુદીને નાસી છુટ્યો હતો. જયારે અન્ય બે પણ અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયા હતા. એક ચોર નીચે કુદવાની હિંમત કરી શક્યો ન હતો. ચોર નજરે ચઢી જતા ઝાડ નીચે લોકોનુ ટોળુ ભેગુ થઈ ગયુ હતુ. આ બનાવની જાણ થતા પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. ચોરને ઝાડથી નીચે ઉતરવાનુ કહેવા છતાં મારની બીકે તે નીચે નહિ ઉતરતા અંતે પોલીસ કર્મચારીને ઝાડ પર ચઢવુ પડ્યુ હતુ. પોલીસની સમજાવટથી તે દોઢ કલાકની જહેમત બાદ નીચે આવ્યો હતો. રાતના ૧૧ વાગ્યાના સમયમાં જ હાઈવેને અડીને આવેલા મકાનમાં ચોર ધુસ્યા હોવાથી ઘટનાને લઈને સ્થાનિકોમાં ભયની લાગણી ફેલાઈ ગઈ હતી. આ ઘટના અંગે ઝાલોદ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના ઉસરવાણા ગામેથી સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ તાલુકાના ઉસરવાણ ગામેથી એક ૧૫ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. દાહોદ તાલુકાના ઉસરવાણ ગામે માળી ફળિયામાં રહેતો અજયભાઈ સુરમલભાઈ નીનામાએ ગત તા.૦૩ સપ્ટેમ્બરના રોજ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂ ઉસરવાણ ગામેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 39

## કોરોનાનો કહેર વચ્ચે પોલીસ અને RTO તંત્રની મિલીભગતથી

# ઘેટા બકરાંની માફક મુસાફરોને ભરાતા અકસ્માતની વણઝાર

- છેલ્લા પંદર દિવસમાં પંચમહાલ-દાહોદ-મહિસાગરમાં ચાર ગોઝારા અકસ્માત.
- ખાનગી સંચાલકોની અંદરોઅંદર સ્પર્ધા.
- ખીચોખીચ મુસાફરો લઈ જવાતા કોરોનાકાળમાં સંક્રમણની દહેશત.
- હાઈવે તથા અન્ય વિસ્તારમાં પોલીસકર્મી તૈનાત હોવા છતાં ગેરકાયદે ચાલતા વાહનો અને ભીડભીડથી ચલાવતા વાહનો સામે અનદેખી.
- આ ચાર બનાવ બાદ ત્રણ જીલ્લાની પોલીસ ઘોર નિંદ્રામાંથી કયારે જાગશે.

ગોધરા-દાહોદ-મહિસાગર, દાહોદ-પંચમહાલ-મહિસાગર જીલ્લાના આંતરિક તથા હાઈવે ઉપર રાત-દિવસ અસંખ્ય વાહનો પસાર થાય છે. તેમાંય ખાનગી વાહનો જેવાકે રીક્ષા, છકડા, જીપ, મીની લકઝરી બસો સમાંતરે ઘેટા બકરાંની માફક ક્ષમતા કરતા વધુ મુસાફરો ભરીને માતેલા ભરવામાં ડ્રાઈવર-કંડકટર તથા માલિકો તત્પર રહે છે. ખાનગી વાહનો વચ્ચે જાણે હાઈવે રસ્તાઓ ઉપર સ્પર્ધા જામતા છેવટે પલ્ટી ખાઈ અકસ્માતના બનાવો બની રહ્યા છે. તેમ છતાં તંત્ર જાગૃત બનતું નથી. ત્યારે છેલ્લા ૧૫ દિવસમાં ત્રણ જીલ્લાના મુખ્ય હાઈવે સંતરામપુર, લીમેખડા,

ગત તા.૩/૧૦/૨૦ના રોજ મહિસાગર જીલ્લાના સંતરામપુર તરફથી ગોધરા આવી રહેલ એક ખાનગી મીની લકઝરી બસમાં ખિચોખીચ મુસાફરો ભરીને નાટાપુર પાસેથી પસાર થઈ રહેલી હતી. આ બસના ચાલકે સવારે ૧૧ કલાકની આસપાસ


તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

સ્ટિયરિંગ ઉપરનો કાબુ ગુમાવતા ડિવાઈડર તોડીને રસ્તા ઉપર પલ્ટી ખાઈ જતા અકસ્માત સર્જાતા ૧૩ ઉપરાંત મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલીક ગોધરા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જયારે બે મહિલાઓના સ્થળ ઉપર જ મોત નિપજ્યા હતા. જેમાં ૪૦ ઉપરાંત મુસાફરો સવાર હતા.

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકામાં આવેલી લીમડી ખાતે તા.૪/૧૦/૨૦ના રવિવારના રોજ બપોરે એક લકઝરી બસનો ચાલક 30 જેટલા મુસાફરોને ભરીને આણંદ તરફ જવા નીકળ્યો હતો. દરમ્યાન લીમખેડા નજીક પૂરઝડપે બસ હોવાથી ચાલકે સ્ટિયરિંગનો કાબૂ ગુમાવતા રસ્તાની બાજુમાં પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

બસના ૨૦ થી વધુ મુસાફરોને શરીરે નાની-મોટી ઈજાઓ થઈ હતી. જયારે એક ૪ વર્ષની બાળકીનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જયારે એક વૃધ્ધાનો હાથ કપાઈને છુટો પડી ગયો હતો. આ પૈકી કેટલાક ઈજાગ્રસ્તો સારવાર હેઠળ છે.

ઉત્તરપ્રદેશ માંથી શ્રમિકોને ગુજરાતમાં સુરત ખાતે પરત લાવવા લકઝરી બસના ડ્રાઈવર ઉદેપુર થી બસ બદલી હતી. શામળાજી પાસ આંદોલન ચાલી રહેલ હોવાથી પંચમહાલ જીલ્લાના ગોધરા પાસેથી અંદાજીત ૧૦૦ ઉપરાંત મુસાફરોથી ભરીને પસાર થતી હતી. દરમ્યાન શહેર નજીક પરવડી ચોકડી એટલે આંધળી ચોકડી ઉપર તા.૨૭/૧૦/૨૦ના રોજ


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

સવારે ૪ કલાકે બસ પલ્ટી ખાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ૩ ઈજાગ્રસ્તો વધુ ગંભીર હોવાથી વડોદરા મોકલવામાં આવ્યા હતા. જયારે રોજગારી અર્થે આશા સેવીને સુરત જતા ૩૫ ઉપરાંત મુસાફરો લોહીથી લથપથ હાલતમાં ગોધરા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

તા.૨૨/૦૯/૨૦ના રોજ દાહોદ જીલ્લાના સંજેલી ગામેથી શ્રમિકોને લઈને સૌરાષ્ટ્રના કાલાવાડ લઈ જવાતા હતા. મોડી સાંજે મહિસાગર જીલ્લાના સંતરામપુરના પઢારિયા વળાંક પાસે કાબૂ ગુમાવતા દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં સવાર ૧૦૦ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. ત્રણ ગંભીરરૂપે ઘાયલ મુસાફરોને


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

લુણાવાડા સારવાર અર્થે તો કેટલાકને ગોધરા સિવિલ હોસ્પિટલ તો કેટલાકને સંતરામપુર દાખલ કરવામાં આવ્યા હતા. મોડી સાંજે સર્જાયલ અકસ્માત નોતરેલી બસમાં ખીચોખીચ ઘેટા બકરાની માફક પૈસા રળી લેવાની લ્હાયમાં મુસાફરોને રાત્રિના સમયે ગેરકાયદે સવારી કરાઈ રહ્યા હતા.

સાંઢજી માફક દોડે ભૂતકાળમાં પણ અનેક ગોઝારા અકસ્માતો સર્જાયા છે. અવારનવાર તંત્રની ચિમકી છતાં બસ વોહી રફતાર એટલે પુરપાટ વાહનો દોડાવીને ગામે ગામેથી મુસાફરોને વહેલામાં વહેલા બેસાડીને પોતાના ખિસ્સા લુણાવાડા અને નાટાપુરમાં ચાર અકસ્માતની દુર્ઘટના ઘટી છે. જેમાં ૩૦૦ થી વધુ મુસાફર સવાર હતા. ૮ ના સ્થળ ઉપર જ મોત થયા હતા જયારે આશરે ૯૮ થી વધુને નાની મોટી ઈજાઓ થતા ૧૦૮ જેવી એમ્બ્યુલન્સ વાન પણ ખૂટી પડી હતી અને નજીકના દવાખાને સારવાર અર્થે ખેડવા અફડા તફડીનો માહોલ સર્જાતા પોલીસની રહેમ સામે ઈજાગ્રસ્તોની મદદે આવેલ સ્થાનિક લોકોએ રોષ વ્યકત કર્યો હતો. હાલમાં કોરોના કાળ પૂર્ણ થતા રોજીંદા રોજગાર અર્થે કે કામઅર્થે સ્થાનિક જીલ્લામાં કે અન્ય જીલ્લામાં જાય છે. તેવા સમયે ખાનગી વાહનોમાં પોલીસ ને આર.ટી.ઓ.તંત્રની કૃપાથી ખીચોખીચ મુસાફરી થઈને નાણાં રળીને સંભવતઃ હપ્તા પણ ચુકવાતું હોવાનું ઈજાગ્રસ્તોના મુખે સંભળાઈ રહ્યું છે. આવા રોજગાર કે કામ માટે જતા મુસાફરો ઘાયલ બાદ રડમસ ચિચિયારીઓ અને મોતના આક્રંદ ઈજાગ્રસ્તો કે તેઓના પરિવારજનોમાં વ્યકત થયો છે. રોજીંદા જુદા જુદા વિસ્તારમાં એકલ-દોકલ અકસ્માત તો જેતે પોલીસ મથકે નોંધાતા રહે છે. હાલમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા છુટી અપાયેલી ખાનગી વાહનોમાં સોશ્યલ ડિસ્ટન્સ કે માફક કે ગનથી ચકાસણી જેવા નીતિ નિયમોનું ઉલ્લંઘન કરીને વાહનોમાં શ્વાસ પણ લેવાય તે પ્રમાણે સવાર કરાવીને પોલીસના જ કાયદાના જાહેરનામાનું સંચાલકો ધજીયા ઉડાવી રહ્યા છે અને પોલસ અને આર.ટી.ઓ. તંત્રના જવાબદારો આંખ આડા કાન કરતા આવા અકસ્માતો તો સર્જાય છે પણ કોરોનાનું મોટા પ્રમાણમાં સંક્રમણ ફેલાવતા હોવાની નીતિ છે. હાલમાં વિવિધ હાઈવે ઉપર પોલીસ ચોકસ ઊભી કરાઈને કર્મીઓ ફરજ બજાવે છે. છતાં પણ આવા અકસ્માત નોતરતા ખાનગી વાહનો સામે કેમ કાર્યવાહી હાથ ધરાતી નથી. તે આમ પ્રજા પ્રશ્ન પૂછી રહી છે. આ છેલ્લા ૧૫ દિવસમાં બનેલ અકસ્માતની ઘટનાઓથી પોલીસ તંત્ર જાગશે કે પછી વોહી રફતાર રહીને અકસ્માતની વણઝાર વણથંભી બનતી રહેશે. હવે જોવું રહ્યું કે આવા માંતેલા સાંઢની માફક દોડતા વાહનો અને સંક્રમણ ફેલાવતા વાહનો સામે કાર્યવાહી થાય તેવી પ્રજાની માંગ છે.

## પંચમહાલ જિલ્લામાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદહસ્તે ગોધરા ખાતે જિલ્લા પંચાયતના નવીન ભવનનું ઈ-ખાતમૂહુર્ત યોજાયું





ગોધરા, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદહસ્તે ગાંધીનગરથી વિડિયો કોન્ફરન્સિંગ મારફતે આજે ગોધરા ખાતે જિલ્લા પંચાયતના નવીન ભવનનું ઈ-ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્યમાં પંચાયતીરાજ સિસ્ટમના સુદ્રઢીકરણ દ્વારા છેવાડાના માનવીને મળતી સુવિધાઓની ઉપલબ્ધિ વધુ ઝડપી, સરળ અને સુગમ બનાવવા રાજય સરકાર પ્રતિબધ્ધ છે. મહાત્મા ગાંધીજીના સ્વપન અનુસાર પંચાયતી રાજની સંસ્થાઓના સશક્તિકરણ મારફતે સત્તાનું વિકેન્દ્રીકરણ કરી છેવાડાના માનવીના હાથમાં સ્થાનિક વિકાસ કાર્યોને લગતી સત્તા આપતી વ્યવસ્થાને વધુ મજબૂત કરવાનો ઉદ્યમ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ હાથ ધરવામાં આવ્યો છે અને તે અંતર્ગત ગુજરાતમાં પણ પંચાયતી રાજનું માળખું દરેક રીતે વધુ મજબૂત કરવાના પગલા લેવાઈ રહ્યા છે.

સાંપ્રત સમયમાં આવશ્યક એવી આધુનિક ટેકનોલોજીઓથી સજ્જ આ ભવનો કચેરીઓએ આવતા લાભાર્થીઓની મુલાકાત સુવિધાયુક્ત અને સુખદ બનાવશે તેવી આશા અને આંતરમાળખાકીય સુવિધાઓમાં થતો આ વધારો ગ્રામ્ય કક્ષાએ થતા વિકાસ કાર્યોને નવી ઊંચાઈએ પહોંચાડવા સક્ષમ બનાવશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. પંચાયતોની સુવિધાઓમાં ઉત્તરોત્તર વધારો કરવા સરકાર પ્રતિબદ્ધ હોવાનું પણ આ શુભ પ્રસંગે તેમણે જણાવ્યું હતું.

વરસાદના કારણે થયેલા નુકસાન માટે જાહેર કરેલ ૩૭૦૦ કરોડના રાહત પેકેજ, સાત પગલા ખેડૂત કલ્યાણના કાર્યક્રમ તેમજ રાજ્યમાં કોઈને ભૂખ્યા સૂવું ન પડે તે માટે ૧૦ લાખ પરિવારોને ફૂડ સિક્યોરિટી એક્ટ અંતર્ગત રાહત દરે અનાજ આપવાના ક્રાંતિકારી નિર્ણય અંગે વાત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સરકાર વંચિતો અને જરૂરતમંદોની સમસ્યાઓ પ્રત્યે સતત ચિંતિત અને સંવેદનશીલ છે. સરકાર દ્વારા ગઈ કાલે જાહેર કરાયેલ આ નિર્ણયથી ૫૦ લાખ જેટલા મધ્યમ વર્ગના અને ગરીબ લોકોને રાહત દરે અનાજની પ્રાપ્તિ થશે.

પ્રજાના સહકારથી કોરોના મહામારી સામે અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાત ઘણી સારી સ્થિતિમાં હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે રાજ્યમાં સાજા થવાનો દર વધીને ૮૫ ટકા અને મૃત્યુદર ઘટીને ૨.૫ ટકા થવા પામ્યો છે.

મુખ્યમંત્રીની સાથે ગાંધીનગર ખાતે ઉપસ્થિત કૃષિ, પંચાયત અને પર્યાવરણ રાજ્યમંત્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતું કે છેવાડાના માનવીઓ સુધી સેવાઓની ઝડપી અને ગુણવત્તાસભર ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવાના હેતુથી અન્ય નિર્ણયોની સાથે આંતરમાળખાકીય સુવિધાઓમાં પણ નિરંતર વધારો કરવામાં આવી રહ્યો છે અને પંચાયતના નવીન ભવનોના આજે થયેલા ખાતમુહૂર્ત એ જ દિશામાં વધુ એક પગલું છે. ૧૬.૪૧ કરોડના ખર્ચે તૈયાર થનાર નવીન ભવનની સુવિધાઓ અને તેના ફાયદાઓ વર્ણવતા મંત્રીએ જણાવ્યું હતું કે તમામ શાખાઓની ઓફિસો એક જ બિલ્ડિંગમાં કાર્યરત થતા જિલ્લાના ખૂણે-ખૂણેથી વિવિધ કામો અર્થે જિલ્લા પંચાયત આવતા લોકોને અલગ-અલગ સ્થળે ધક્કા નહીં ખાવા પડે, કામ ઝડપથી પૂર્ણ થશે તેમજ પંચાયત કર્મીઓ-અધિકારીઓની કામગીરી પણ ઝડપી અને સરળ બનશે તેમ જણાવ્યું હતું.

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૪૧૮ થયો

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૦ પોઝીટીવ ક્સ નોંધાવા પામ્યા છે. નવા ૨૦ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૪૧૮ થવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૦૯, હાલોલ-૦૬, કાલોલ-૦૪, ઘોઘંબા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૨૦ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૯૨.
- મૃત્યુ આંક - ૧૧૨.

## કાલોલના મધવાસ ખાતે આવેલ રાજપુતાના કંપનીના ૨૫૦ કામદારો એ પડતર માંગણીને લઈ ધરણા ઉપર બેઠા



કાલોલ, કાલોલ તાલુકાના મધવાસ નજીક આવેલ રાજપુતાના સ્ટીલ કંપનીમાં આશરે ૨૦૦-૨૫૦ કામદારો કંપની કામદાર તરીકે કામ કરે છે. કંપનીમાં છેલ્લા ૨૦ વર્ષેની કંપની સાથે જોડાય કંપનીમાંથી રોજગારી મેળવતાં હોય છે,પરંતુ કામદારોને કંપનીમાં તેમને મળવા જોઈતાં લાભોથી વંચિત રાખવામાં આવતાં કામદારો સાથે શોષણ થતાં કામદારોએ પોતાની

### કંપની મેનેજમેન્ટ અને લેબર કમિશ્નર દ્વારા યોગ્ય નિકાલની ખાત્રી આપતાં ધરણા મુલત્વી

કરેલ માંગણીઓનો માટે મજદુર સંઘ ના યુનિન સાથે રાખી કાલોલ મામલતદાર, કંપની કમિશનર,તેમજ જિલ્લા તંત્ર ને સાચો ન્યાય મળે અને નિકાલ માટે રજુઆત કરવામાં આવી હતી. પરંતુ તંત્રને જાણ કરતાં કોઈ યોગ્ય નિકાલ કરવામાં ન આવતાં કંપનીમાં કામ કરતા ૨૦૦-૨૫૦ જેટલાં કામદારો સોમવારના રોજ કંપનીના સામેના ભાગેની જંગ્યામાં બહાર ધરણાં ઉપર બેઢેલ હતા. પરંતુ રજુઆતો અને હડતાળ પર ઉતરી પડેલા કામદારોથી કંપની મેનેજમેન્ટ અને કંપની કમિશનર હરકતમાં આવી ગયાં હતાં. જિલ્લા લેબર કમિશનર પણ તરત જ રાજપુતાના સ્ટીલ કંપની ઉપર દોડી આવી કંપની મેનજમેન્ટ સાથે ચર્ચા કરી હતી. કામદારો સાથે મુદ્દતી એક મીટીંગનું આયોજન કરવાનું જણાવી ધરણાં ઉપર બેઠેલ કામદારો સાથે વાતચીત કરી હતી. જેથી કામદારોએ હડતાળને મુલતવી રાખી ગુરૂવારે યોજાનાર મિટિંગ બાદ જો કામદારોની માંગણી પૂર્ણ નહીં કરવામાં આવેતો કામદારો ગાંધી ચિધ્યા માર્ગે ધરણાં કરી તેમની માંગોનો નિકાલ માટે મળતાં આગળ ધપાવશે.

## પંચમહાલ જીલ્લા કોંગ્રેસ SC ડિપાર્ટમેન્ટ દ્વારા હાથરસ મુદ્દે જીલ્લા કલેકટરને આવેદન


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા, પંચમહાલ જિલ્લા કોંગ્રેસ એસ. સી. ડિપાર્ટમેન્ટ દ્વારા ગોધરા ખાતે યુપીના હાથરસના બનાવમા કુ મનીષા સાથે થયેલ અમાનવીય કૃત્ય હત્યા અને પરિવારને અન્યાય સામે રાજ્ય કેન્દ્ર સરકારની નિષ્ફળતાઓ સામે ભારતના રાષ્ટ્રપતિને રજૂઆત કરતું આવેદનપત્ર પંચમહાલ જિલ્લા કલેક્ટરશ્રીને સુપરત કરવામાં આવેલ હતું અને રજૂઆત સાથે ન્યાયની માંગ કરવામાં આવેલ આ કાર્યક્રમમાં પંચમહાલ કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટી જિલ્લા એસ.સી. ડિપાર્ટમેન્ટના ચેરમેન વકીલ રાજેશ હડીયલ, પંચમહાલ મહિલા કોંગ્રેસના પ્રમુખપ્રિયંકાબેન પરમાર, પ્રદેશ કોંગ્રેસ મંત્રી રફિકભાઈ તિજોરીવાલા, માઈનોરીટી ડીપાર્ટમેન્ટના ચેરમેન ઉસ્માનભાઈ બેલી, સોશિયલ મીડિયા જિલ્લા કો.ઓર્ડિનેટર સાજીદ વલી, એડવોકેટ આબીદ શૈખ, જય ગણેશ ભાઈ નરસિંહભાઈ, અયુબ ચરખા, નસરીનબહેન જયશ્રીબેન પરમાર, નીરૂપાબેન ભરવાડ, ધ્વનિ પુરાણી મીનાબેન સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ સોશિયલ Distance સાથે વિરોધ નોંધાવી આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

## શહેરા SBI બેંક ખાતે ખાતેદારોની લાંબી કતારો સોશ્યલ ડિસ્ટન્સનો અભાવ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા સ્ટેટ બેંક ખાતે સવારથી ખાતેદારોની રૂપિયા ઉપાડવા માટે લાંબી કતારો લાગી રહી છે. જયારે બેંક ખાતે રૂપિયા ઉપાડવા માટે અને ભરવા માટે એક જ માત્ર કાઉન્ટર હોવાથી ખાતેદારોને તકલીફ પડતી હોય છે.જયારે બેંક ખાતે સોશિયલ ડિસ્ટન્સ નો અભાવ સાથે સરકારની ગાઈડ લાઈન નુ જે પાલન થવુ જોઈએ તે થઈ રહયુ નથી.

શહેરા તાલુકા મથક ખાતે આવેલ સ્ટેટ બેન્ક સહિતની અન્ય બેન્કો ખાતે સવારથી ખાતેદારોની રૂપિયા ઉપાડવા માટે લાંબી કતારો લાગેલ જોવા મળી રહી છે. સ્ટેટ બેંક ખાતે સિનિયર સિટીઝન ખાતેદારો પણ લાઈનમાં ઊભા રહયા બાદ તેમનો નંબર રૂપિયા ઉપાડવા માટે નો આવતો હોય છે. જયારે સ્ટેટ બેંક ખાતે રૂપિયા ઉપાડવા માટે અને રૂપિયા જમા કરાવવા માટે એક જ કાઉન્ટર હોવાથી ખાતેદારોને લાઈનમાં ઊભા રહેવાની નોબત આવતી હોય છે. બેંક ખાતે સોશિયલ ડિસ્ટન્સ નો અભાવ સાથે સરકારની ગાઈડ લાઈનનું જે પાલન થવુ જોઈએ તે થઈ રહયુ નથી. બેંકો ખાતે આવતા ખાતેદારોને વધુ સુવિધા હાલની પરિસ્થિતિને જોતા મળવી જોઈએ એ માટે સંબંધિત તંત્ર દ્વારા ઉપરોકત બાબતને ગંભીરતાથી લઈને યોગ્ય કાર્યવાહી હાથ ધરાશે ખરી? કે પછી બેંક નો સ્ટાફ અને સંબંધિત તંત્રના અધિકારીઓ એ.સી.ની ઠંડી હવા ખાઈને આ સામે કાર્યવાહી કરવામાં આંખ આડા કાન કરશે તે જોવું જ બની રહયુ છે.